ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# કેનાલમાંથી નીલગાયના મૃતદેહને કાઢવામાં તંત્રની ગંભીર ઉદાસીનતા..!!

**કોબા-ભાટ રોડ પરની નર્મદા મુખ્ય કેનાલમાં પડી રહેલી મૃત નીલગાય અંગે જાગૃત મોર્નિંગ વોકરે મહાનગરપાલિકાને જાણ કરવા છતાં સાંજ સુધી તેને બહાર કાઢવા કોઇ ડોકાયું નથી : નીલગાયનું શરીર ફુલવા લાગ્યું છે અને સડવાની શરૂઆત થઇ ચુકી હશે : આ કેનાલનું પાણી નાગરિકોના પીવામાં આવે તો જાહેર આરોગ્ય સામે જોખમ ઉભું થઇ શકે છે.**

ગાંધીનગર, તા.૨૪

જો તમે તમારા ઘરમાં નળમાં આવતાં પાણીને પી રહ્યાં છો તો જરા ચેતજો કેમકે જે પાણીને શહેરજનો હોંશે હોંશેથી પી રહ્યાં છે તે નર્મદાનું પાણી લઇને આવતી મેઇન કેનાલમાં ગઇકાલથી એક નીલગાય મૃત હાલતમાં પડી છે અને જે અંગે જાગૃત નાગરિક દ્વારા આજે સવારથી મહાનગરપાલિકામાં ફરિયાદ કરવા છતાં સાંજ સુધી તેને કોઇ જોવા પણ આવ્યું નથી. નીલગાયનું મૃત શરીર ફુલીને દડો થઇ રહ્યું છે તે તસવીરમાં સ્પષ્ટ દેખાય છે અને શક્ય છે કે તેમાં કોહવાટની શરૂઆત થઇ ચુકી હશે જે પાણીમાં ભળીને શહેરીજનોના ઘર સુધી પંહોચીને તેમના આરોગ્ય માટે જોખમરૂપ બની શકે છે.

એક તરફ ગાંધીનગર મહાનગરપાલિકાના સેકટર વિસ્તારમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે જે માટે શહેરના ગ્રામીણ વિસ્તારોમાં પણ માંગ વધી રહી છે કેમકે નર્મદાનું પાણી બોરના પાણી કરતાં વધુ શુદ્ધ હોય છે. ગાંધીનગરના કોબા સર્કલથી ભાટ તરફના માર્ગે વચ્ચે આવતી નર્મદા મુખ્ય કેનાલમાં ગઇ કાલથી એક નીલગાય મૃત હાલતમાં પડી છે. આ કેનાલની નજીકમાં વિકસેલા રહેણાંક વિસ્તારના કેટલાંક સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો દરરોજ સવારે નર્મદા કેનાલને કાંઠે વહેલી સવારે નિયમિત મોર્નિંગ વોક કરવા જાય છે. આજે સવારે જયારે આ નાગરિકો તેમના નિત્યક્રમ મુજમ મોર્નિંગ વોક કરવા નીકળ્યાં હતાં ત્યારે કેનાલ પરના બ્રિજની ડાબી તરફ કેનાલમાં એક નીલગાયને મૃત હાલતમાં પડેલી જોઇ હતી. શક્ય છે કે તે ગઇકાલે સાંજે અથવા મોડી રાત્રે કેનાલમાં પડી જવા પામી હશે. આ જાગૃત નાગરિકો પૈકી એક દિપકભાઇ બારોટ નામના વ્યક્તિએ મહાનગરપાલિકામાં ફોન કરીને આ બાબતે જણાવ્યું હતું. દિપકભાઇ બારોટે ગાંધીનગર સમાચારને જણાવ્યું હતું કે ‘અમે મિત્રો અમારાં નિત્યક્રમાનુસાર વહેલી સવારે મોર્નિંગ વોક લેવા ગયાં હતા ત્યારે તેમણે કેનાલમાં તરતો નીલગાયનો મૃતદેહ જોયો હતો જે અંગેની જાણ મહાનગરપાલિકાને સવારે જ કરી દીધી હતી પરંતુ હું જ્યારે સાંજે મારી ઓફિસથી પરત ફરી રહ્યાં હતાં ત્યારે મને એમ કે અત્યાર સુધીમાં તો ફાયરબ્રિગેડે આવીને નીલગાયને કાઢીને તેનો નિકાલ કરી દીધો હશે.

આમ છતાં મેં કુતુહલવશ કેનાલના કિનારે જઇને જોયું તો સવારની સ્થિતિ જેમની તેમ જ હતી અને સાંજ સુધી એ નીલગાયનો મૃતદેહ જેમનો તેમ જ પડી રહ્યો હતો તેનો સીધો મતલબ છે કે મહાનગરપાલિકાને જાણ કરવાં છતાં મૃત ઢોર નિકાલ વિભાગ કે ફાયર બ્રિગેડ વિભાગ પૈકી કોઇના દ્વારા આ નીલગાયના



મૃતદેહને કેનાલની બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી નથી.’ વળી, આ નીલગાયનું મૃત શરીર પણ પાણીમાં પડ્યું પડ્યું ફુલવા લાગ્યું છે અને શક્ય છે કે તેમાં કોહવાટની શરૂઆત થઇ ચુકી હશે. જો આ પાણી નાગરિકોના પીવામાં આવે તો તેમના આરોગ્ય માટે જોખમરૂપ બની શકે છે.

બીજી તરફ શહેરમાં રખડતાં ઢોરના પ્રશ્નને ઉકેલવામાં નિષ્ફળ તંત્ર માલધારીઓને દંડે છે પરંતુ ઢોર પકડવા જતાં પશુઓને ભગાવતાં પશુપાલકો પર પણ કોઇ પગલાં લઇ શકતાં નથી અને કેનાલમાં પડી રહેલી મૃત નીલગાય અંગે નાગરિક દ્વારા જાણ કરવા છતાં પણ કલાકો સુધી તેના નિકાલની વ્યવસ્થા સુદ્ધાં કરાતી નથી તે ખરેખર તંત્રની નિષ્ક્રિયતાની ચરમસીમા દર્શાવે છે.

## પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમને પગલે સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમારે આગામી ૩૧મીએ ૧૩ જેટલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને લઈ પ્રધાનમંત્રી દ્વારા યોજાયેલ સંવાદ કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા માટે આવ્યા હતા.

તેમણે આજે કલેક્ટર કચેરી ખાતે આ સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનામાં તંત્ર દ્વારા જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તેને લઈ ઝીણવટભરી સમીક્ષા કરી આ યોજનાના અમલીકરણમાં ગતિ આવે તે માટે તંત્રને ટકોર કરી હતી.

અગ્ર સચિવે બેંકોના નકારાત્મક અભિગમ ધિરાણ યોજનાઓમાં દાખવવાના વલણ અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી અને કલેક્ટર ડૉ. આર્યએ પણ આ વાતમાં સૂર પૂરાવ્યો હતો. બેંકો તેમના અભિગમમાં બદલાવ લાવે તેના પર વિશેષ ભાર મુક્યો હતો.

આજની સમીક્ષા બેઠકમાં સર્વર ધીમી ગતિએ ચાલતા હોવાની વાત ઘણા બધા વિભાગોએ કરી હતી એટલુ જ નહિ નેટવર્ક પણ ગ્રામ્ય વિસ્તારમાં ઘણીવાર નહિ પકડાતુ હોવાની ફરિયાદો રજુ થઈ હતી.

તેમણે વિવિધ યોજનાઓના ઝડપી અને અસરકારક અમલીકરણ માટે પણ અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. એકાદ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં ૧૩ યોજનાના અમલીકરણમાં કેવી સમસ્યાઓ આવી રહી છે અને ઝડપી અમલીકરણ થાય તેવા પ્રયાસો કરવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે અમલીકરણ માટેના પ્રયાસોમાં કમી ના આવે તેમજ વધુ ને વધુ લોકો લાભ મેળવી શકે અને જીવન ધોરણ ઊંચા આવે તેના પર ભાર મુક્યો હતો.



ગાંધીનગરમાં અંડરગ્રાઉન્ડ ગટરની વ્યવસ્થા ખુબ સારી છે પરંતુ કયારેક તે સમસ્યારૂપ બને છે. નવો રોડ બનાવવામાં આવે ત્યારે અંડરગ્રાઉન્ડ ગટરો તરફ ધ્યાન અપાતું નથી. રોડ બની જાય છે પરંતુ દિવસો સુધી ગટરોના ઢાંકણા નાંખવામાં આવતા નથી જે સમસ્યારૂપ બને છે. સેકટર-૨૮, ૨૯ના મુખ્ય રોડ પર જ ગટરના ઢાંકણા નાંખવામાં ન આવતા વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી ઉભી થઈ રહી છે. કેટલાક સ્થળોએ ગટરના ઢાંકણા તુટી પણ ગયા છે.

# નવા સેકટરોમાં પાણીની બૂમ

**ફોર્સના અભાવે ટાંકી પણ ભરાતી નથી : નવા સેકટરોમાં ખાસ કરીને સે-૩ સહીતના વિસ્તારમાં પાણી ફોર્સથી ન આવતા આકરી ગરમીમાં રહીશોમાં પાણીની પોકાર : ગરમીમાં વપરાશ વધ્યો : પુરતી માત્રામાં પાણી સપ્લાય કરવામાં આવતુ હોવાનો તંત્રનો દાવો**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં દાયકાઓ જુની પાણીની લાઈન બદલવા માટે કામ ચાલી રહ્યુ છે નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ થતા ઘણાં ઠેકાણે પાણીની લાઈન ડિસ્ટર્બ થવાના લીધે પણ સેકટરોમાં સપ્લાય બંધ થઈ ગયો હોવાની ફરિયાદો પણ રોજબરોજ ઉઠતી રહે છે. જયારે આકરી ગરમીમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા તંત્ર માટે પુરતો પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો પણ દાવો કરવામાં આવે છે. બીજીતરફ શહેરના નવા સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. જેના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે. રહીશોના ઘરોમાં ટાંકી પણ ભરાતી નથી જેના લીધે બપોર થતા પાણીનુ ટીંપુ પણ નસીબ થતુ નથી તેવી ફરિયાદો પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં એકબાજુ આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે છેલ્લા બે મહીનાથી ગરમી પ્રકોપ વચ્ચે નગરજનો બેબાકળા બની ગયા છે. ત્યારે સેકટરોમાં સતત ઉઠતી પાણીની પોકાર વચ્ચે નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. બીજીતરફ નવી લાઈન નાંખવાની કામગીરી પણ હાલ પાણી વિતરણ વ્યવસ્થા માટે દુવિધારૂપ બની છે. અલબત્ત સેકટરોમાં ઠેકઠેકાણે પાણીની લાઈનમાં ભંગાણ થતા પુરવઠો ખોરવાઈ જતો હોવાની ફરિયાદો પણ રોજબરોજ ઉઠવા પામે છે. પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન કેબલ કટ થતા વિજપુરવઠો પણ ખોરવાય છે. જયારે કયારેક પાણીની લાઈનનો વારો પડી જાય છે. કાતિલ ગરમી વચ્ચે સેકટરવાસીઓ વિજળી અને પાણીની સેવા ઠપ્પ થતી હોવાના લીધે ત્રાહીમામ પોકારી ગયા છે. આવા સંજોગોમાં જુના સેકટરોની સાથે હવે નવા સેકટરોમાં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર ઉઠવા પામી છે. શહેરના નવા સે-૧ થી ૫ માં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો છે. અલબત્ત એકદમ હળવા દબાણ સાથે પાણી આવતા સ્થાનિકો પોતાના ઘરની ટાંકી પણ ભરાતી ન હોવાનુ બુમ પાડી રહ્યા છે. જયારે બપોર થતા જ ઘણાં ઘરોમાં પાણીનુ ટીંપુ પણ ન મળે તેવી સ્થિતિ સર્જાય છે. જેના લીધે સેકટરોમાં ટેન્કરો બોલાવાની ફરજ પડે છે. પાટનગર યોજના ભવનના પાણી વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં આકરી ગરમીના દિવસોમાં નગરજનોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પ્રતિદિન ૬૦ એમ એલ ડી થી વધુ પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ નળ સુધી કેટલુ પાણી પહોંચે તે પણ એક પ્રશ્ન છે. અલબત્ત પર્યાપ્ત માત્રામાં પાણી સપ્લાય કરવામાં આવતુ હોવાછતા સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અન્વયે હાલ દાયકાઓ જુની લાઈન

● અનુસંધાન પાન-૭ પર

# જુના સચિવાલયમાં નવ માળના નવા ૮ બ્લોક બાંધવામાં આવશે

**૪ અબજના ખર્ચનો અંદાજ : પ્રથમ તબક્કામાં નવા બે બ્લોક બાંધવા માટે કામ હાથ ધરાશે : જુના સચિવાલયમાં હાલ અંદાજિત ૧૯ જેટલા બ્લોક છે જયારે આ તમામ માત્ર ૮ બ્લોકમાં સમાવી દેવાશે : પાર્કીંગ સહીતની સુવિધા માટે પણ જગ્યા મળશે**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં જુના સચિવાલયમાં હાલ વિવિધ વિભાગની અનેકવિધ કચેરીઓ કાર્યરત છે.જયારે અંદાજિત સાડા ચાર દાયકા પુર્વે જુના સચિવાલયમાં વિવિધ કચેરીઓને અનુલક્ષી બ્લોકનુ નિર્માણ કરાયુ હતુ. જયારે વર્ષોના અંતે હવ જુના સચિવાલયના રીડેવલપમેન્ટને અનુલક્ષી એક પ્લાન તૈયાર કરાયો છે. જેમાં હાલના અંદાજિત ૧૯ બ્લોકના સ્થાને હવે માત્ર આઠ બ્લોક બનાવાશે. જેમાં તબક્કાવાર કામ હાથ ધરાશે જુના સચિવાલયમાં ૯ મજલાના કુલ ૮ નવા બ્લોકનુ નિર્માણ કરાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત ૪ અબજનો ખર્ચ થવાનો અંદાજ છે. જો કે તબક્કવાર હાથ ધરાનારી આ આખી યોજનાનુ કામ પુર્ણ થતા પણ વર્ષોનો સમય લાગશે.જયારે બે બ્લોક બાંધવાનુ કામ ટુંકમાં જ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરના જુના સચિવાલયમાં અનેકવિધ કચેરીઓ ધમધમી રહી છે. જયારે હાલ દાયકાઓ જુના બ્લોકમાં કચેરીઓ કાર્યરત છે. જેમાં ત્રણ મજલાના આ બ્લોકમાં દાયકાઓના અંતે કોઈ સુવિધા પણ નથી જયારે સાડા ચાર દાયકા બાદ હવે જુના સચિવાલયને અનુલક્ષી રી ડેવલપમેન્ટ પ્લાન પણ તૈયાર કરાયો છે. જેને અનુલક્ષી હાલ સંકુલમાં સ્થિત અંદાજિત ૧૯ જેટલા બ્લોકના સ્થાને આગામી દિવસોમાં તબક્કાવાર ૮ જેટલા નવા બ્લોક બાંધવામાં આવશે જયારે ૯ માળના આ કુલ આઠ બ્લોકના નિર્માણ પાછળ અંદાજિત ૪ અબજ જેટલો તોતિંગ ખર્ચ થાય તેવો પણ અંદાજ છે. હાલ તો પ્રથમ તબક્કામાં બે બ્લોક બાંધવાનુ આયોજન કરાયુ છે જેની પાછળ અંદાજિત રૂ ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જેમાં કર્મયોગી ભવનની પેટર્નને ધ્યાનમાં રાખીને કાટખુણા આકારના નવા બ્લોક બાંધવામાં આવશે. નવા બ્લોક બાંધવા સહીત સચિવાલય સંકુલને નવા રૂપરંગ આપવા માટેનો પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે. વર્ષ ૧૯૭૧ માં નિર્માણ કરાયેલા જીવરાજ મહેતા ભવનમાંથી રાજયનો વહીવટી દોરી સંચાર થતો હતો. જયારે હાલ પણ સંકુલમાં અનેકવિધ કચેરીઓ ધમધમી રહી છે. વધુ માળના બ્લોકના નિર્માણના અંતે સંકુલમાં વધુ જગ્યા ખુલ્લી મળશે જેમાં પાર્કીંગ વ્યવસ્થા તેમજ હરિયાળી નિખરે તે મુજબનુ પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ, સોલાર,

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર (ઉ) અને (દ) બન્ને વિધાનસભા બેઠક જીતવા શહેર ભાજપનો નિર્ધાર

ગાંધીનગર, તા. ૨૪

“મિશન-૧૮૨” અંતર્ગત ગાંધીનગર ઉત્તર અને ગાંધીનગર દક્ષિણ એમ બન્ને વિધાનસભા બેઠકો પર ભાજપને વિજયી બનાવવાનો સંકલ્પ આજે શહેર ભાજપની મળેલ કારોબારી બેઠકમાં લેવાયો હતો. પ્રધાનમંત્રી મોદીના રાષ્ટ્ર નેતૃત્વના ૮ વર્ષની ઉજવણીના આયોજનની રૂપરેખાને પણ આજે કારોબારી બેઠકમાં અંતિમ રૂપ આપવામાં આવ્યુ હતુ. શહેર પ્રભારી મોહનલાલ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આજે કારોબારી બેઠક મળી હતી.

મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ભાજપા કાર્યકર્તાઓની પાર્ટી છે, ભાજપાનો નાનામાં નાનો કાર્યકર્તા સતત સક્રિય રહી વિવિધ સંગઠનાત્મક કાર્યો થકી વિરામ અને વિશ્રામ સિવાય જનતાની વચ્ચે રહે છે. કરોડો કાર્યકર્તાઓની મહેનતના પરિણામસ્વરૂપ આજે ભાજપા વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે.

આ પ્રસંગે મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટે તેમના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતુ કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં ભાજપનું સંગઠન વધુ ને વધુ મજબૂત થઈ રહ્યું છે.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના વરિષ્ઠ ધારાસભ્ય શંભુજી ઠાકોરે તેમના સંબોધનમાં જનસંઘની સ્થાપનાથી લઈને આજે ભાજપની વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનવા સુધીની સફર દરમિયાનના તેમના સંસ્મરણો જણાવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભથી તેમની આસપાસના વિસ્તારનો કોઈ લાભાર્થી વંચિત ના રહે તે સુનિશ્ચિત કરવુ એ પ્રત્યેક કાર્યકર્તાની ફરજ છે.

આ પ્રસંગે મહાનગરના મહામંત્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પ્રાસંગિક ઉદબોધન કરી અગામી સંગઠનના કાર્યક્રમોની રૂપરેખા અને કાર્યવિધિ અંગે તેમજ વિવિધ સંગઠનાત્મક વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.

# ઘ-માર્ગ આસપાસ સ્થિત કચેરીઓમાં મુલાકાતીઓની પાર્કીંગ મુદ્દે આજા ફસાજા જેવી સ્થિતિ

**લાંબા સમય બાદ આ વિસ્તારમાં કોર્ટ સંકુલ પાછળ પાર્કીંગ તૈયાર કરવામાં આવી રહ્ય છે : અંદાજિત ૨૦૦ જેટલા વાહનો પાર્ક થઇ શકશે : કચેરીઓના નિર્માણ વેળાએ પાર્કીંગ વ્યવસ્થાનો કોઇ વિચાર જ કરયો નથી પરિણામે હાલ ચક્કાજામના દ્રશ્યો**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં વાહન પાર્કીંગની સમસ્યાએ ઠેર ઠેર અજગર ભરડો લીધો છે. શહેરના કોર્મશિયલ વિસ્તાર અને સરકારી કચેરીઓ આસપાસ વાહનોનો ખડકલો જોવા મળે છે. જો કે હવે રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગ વ્યવસ્થા સુઆયોજિત કરવાનો સમય પાકી ગયો છે. હાલ ઘ માર્ગ આસપાસ સ્થિત અનેકવિધ કચેરીઓ કાર્યરત છે પરંતુ આ કચેરીઓમાં રોજબરોજ આવતા કર્મચારીઓ અને મુલાકાતીઓ પાર્કીંગના મામલે ગોથે ચઢે છે. વાહન પાર્કીંગના મુદે આજા.. ફસાજા .. જેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે લાંબા સમયના અંતે તંત્ર દ્વારા કોર્ટ સંકુલના પાછળના ભાગમાં એક પાર્કીંગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે જેમાં ૨૦૦ જેટલા વાહનો પાર્ક થઈ શકશે. જેના લીધે પાર્કીંગની સળગતી સમસ્યા થોડી હળવી થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

સરકારી કચેરીઓથી ઘેરાયેલા ઘ માર્ગ આસપાસના વિસ્તારમાં હાલ વાહન પાર્કીંગની સમસ્યા સળગતી છે. શહેરના એક કીલોમીટરના વિસ્તારમાં વિવિધ કચેરીઓ ધમધમી રહી છે. જયારે આ કચેરીઓમાં હજારો કર્મચારીઓની અવરજવર રહે છે. આમછતા આ વિસ્તારમાં પર્યાપ્ત પાર્કીંગ સુવિધાના અભાવ વચ્ચે રોજબરોજ આડેધડ વાહનાનો ખડકલો થાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે રોજબરોજ ચક્કાજામના દ્રશ્યો પણ સર્જાય છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા કોર્ટ બિલ્ડીંગ પાછળની બાજુએ વિશાળ જગ્યામાં નવુ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેમાં અંદાજિત ૨૦૦ જેટલા વાહનો પાર્ક કરી શકાશે. આ વિસ્તારમાં ઉદ્યોગભવન , કલેકટર કચેરી, કોર્ટ સંકુલ , સહયોગ સંકુલ અને મહાનગરપાલિકા સહીત જિલ્લા અને રાજય કક્ષાની અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. જેના લીધે આ વિસ્તારમાં સતત કર્મચારીઓ અને મુલાકાતીઓની અવરજવર ચાલુ રહે છે. પરંતુ વાહન પાર્કીંગ માટે જગ્યા ન મળતા દરરોજ ટ્રાફિક નિયમન ખોરવાય છે જયારે આડેધડ વાહન પાર્કીંગના લીધે પણ ટ્રાફિક જામની સ્થિતિ ઉભી થાય

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ધ્વનિલ પારેખના એકાંકી સંગ્રહ ‘એક ચપટી ઊંઘ’ને નર્મદ સુવર્ણચંદ્રક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સાહિત્ય ક્ષેત્રે અનેક પ્રતિભાઓથી સંપન્ન શહેર છે અને આ ક્ષેત્રે વિવિધ પારિતોષિકો અને એવોર્ડ મેળવવામાં શહેરના સાહિત્યકારો મોખરે રહે છે. શહેરના જાણીતા સર્જક અને અનુવાદક તેમજ ગાંધીનગર સમાચારના કટાર લેખક ધ્વનિલ પારેખના એકાંકી સંગ્રહ ’એક ચપટી ઊંઘ’ માટે નર્મદ સુવર્ણચંદ્રક જાહેર થયો છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થા નર્મદ સાહિત્ય સભા, સુરત તરફથી વિવિધ સાહિત્ય સ્વરૂપોની ઉત્તમ કૃતિઓને પ્રતિષ્ઠિત નર્મદ સુવર્ણચંદ્રક આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ના સમયગાળા માટે ધ્વનિલ પારેખના એકાંકી સંગ્રહ ’એક ચપટી ઊંઘ’ માટે નર્મદ સુવર્ણચંદ્રક જાહેર થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે ’એક ચપટી ઊંઘ’ સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક, ગુજરાતી સાહિત્ય પરિષદનું બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિક અને કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ગોધરા તરફથી ચં. ચી. મહેતા એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ’એક ચપટી ઊંઘ’ને મળેલું આ ચોથું સન્માન છે. આ સન્માનના પગલે ગાંધીનગરના સાહિત્ય વર્તુળમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com